ક્રમાંક: સમશ/૧૦૦૮/૩૯/ગ.૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૦૯/૨૦૨૨

પ્રતિ,
કમિશનરશ્રી(શાળાઓ),
શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોની પાંચ વર્ષની ઉચ્ચક વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ઠરાવ અન્વયે નિમણૂક પામેલા શિક્ષણ સહાયકો સંદર્ભે નીચે મુજબની વિગતો વિભાગને મોકલી આપવા વિનંતી છે.

(1) નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ઠરાવ અન્વયે નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે ગણવાનો લાભ આજની તારીખથી મંજૂર કરવાની સ્થિતિમાં સરકારશ્રી પર આવનાર નાણાકીય ભારણની વિગતો, તા. ૧૮/૦૧/૨૦૧૭ની તારીખથી મંજૂર કરવાની સ્થિતિમાં સરકારશ્રી પર આવનાર નાણાકીય ભારણની વિગતો તથા તા.૦૮/૦૩/૨૦૧૯ની અસરથી આપવાની સ્થિતિમાં સરકારશ્રી પર આવનાર નાણાકીય ભારણની વિગતો અલગ અલગ વિગતો સ્વરૂપે

(2) આ લાભો તા.૧૮/૦૧/૧૭થી આજની તારીખ સુધીમાં આવા કર્મચારીને ચૂકવવાપાત્ર થનાર એરીયર્સની વિગતો.

(3) આ લાભો બાબતે તા.૦૮/૦૩/૨૦૧૯ થી આજની તારીખ સુધીમાં આવા કર્મચારીને ચૂકવવાપાત્ર થનાર એરીયર્સની વિગતો.

આપનો વિશ્વાસુ
D.K. Gamet
(ડી.કે.ગામેતી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રમાંક: સમશ/૧૦૨૦૧૯/૧૭૮૨/ગ.૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૦૯/૨૦૨૨

પ્રતિ,
કમિશનરશ્રી(શાળાઓ),
શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો અને સાથી સહાયકોની પાંચ વર્ષની ઉચ્ચક વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૧૨/૦૪/૨૦૦૪ના ઠરાવ અન્વયે તા:૧૨/૦૨/૨૦૦૪થી નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ઠરાવ અમલમાં આવ્યો તે પહેલા નિમણૂક પામેલા શિક્ષણ સહાયકો સંદર્ભે નીચે મુજબની વિગતો વિભાગને મોકલી આપવા વિનંતી છે.

1. આ શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે ગણવાનો લાભ આજની તારીખથી મંજૂર કરવાની સ્થિતિમાં સરકારશ્રી પર આવનાર નાણાકીય ભારણની વિગતો.
2. આ શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે ગણવાનો લાભ તા.૦૮/૦૩/૨૦૧૯ની અસરથી આપવાની સ્થિતિમાં સરકારશ્રી પર આવનાર નાણાકીય ભારણની વિગતો
3. આ શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો બાબતે તા.૦૮/૦૩/૨૦૧૯ થી આજની તારીખ સુધીમાં આવા કર્મચારીને ચૂકવવાપાત્ર થનાર એરીયર્સની વિગતો.

આપનો વિશ્વાસુ
D.K.Gameti
(ડી.કે.ગામેતી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ